### સ્વામિનારાયણ મંદિરથી માત્ર 200 મીટર દૂર શ્રીજી આર્કેડનો બીજો માળ વિધર્મીઓને વેચાતાં કોમી તંગદિલી સર્જાવાની ભીતિ

# વડતાલમાં મંદિર નજીક મદ્રેસા માટે કોમ્પ્લેક્સનો માળ વેચાતાં આક્રોશ

**દસ્તાવેજ** રદ કરવા કલેક્ટરને આવેદન, મુખ્યમંત્રી અને ગૃહમંત્રી સુધી રજૂઆત



(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૧


પવિત્ર યાત્રાધામ વડતાલ ખાતે સ્વામિનારાયણ મંદિર નજીક આવેલ એક કોમ્પ્લેક્સનો બીજો માળ મદ્રેસા બનાવવા માટે વિધર્મીઓને વેચી દેવાતાં સમગ્ર હિન્દુ સમાજમાં ભારે આક્રોશ ફેલાયો છે. આ મામલે 'વડતાલ ગામ હિન્દુ સંઘર્ષ સમિતિ' દ્વારા ખેડા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવીને વેચાણ દસ્તાવેજ રદ કરવાની માંગણી કરવામાં આવી છે. આ વિવાદિત મિલકતના સોદાના કારણે ભવિષ્યમાં પવિત્ર યાત્રાધામમાં કોમી સંઘર્ષ અને કાયદો-વ્યવસ્થાની સ્થિતિ કથળવાની આશંકા વ્યક્ત કરાઈ છે.

વડતાલ ગામના પવિત્ર પ્રવેશદ્વારની સામે ફાટકની બાજુમાં સર્વે નંબર 828 માં શ્રીજી આર્કેડ નામનું કોમ્પલેક્સ આવેલું છે. આ કોમ્પલેક્સ આશરે 10 વર્ષ પહેલાં સંદીપ રાવ, વિરેશ શાહ, જયેશ શાહ અને અનીલેશ શાહ નામના બિલ્ડરોએ સંયુક્ત ભાગીદારીથી બનાવ્યું હતું. આ બિલ્ડીંગના બીજા માળે આવેલો હોલ અનીલેશ નવીનચંદ્ર શાહ દ્વારા આર્થિક લાભ મેળવવાના હેતુથી જીલાની સલીમ મુલાની અને મોહમદહનીફ મોહમદ આરીફ મેમણને ગત 14 સપ્ટેમ્બર 2026 ના રોજ વેચાણ દસ્તાવેજ નંબર 9153 અને 9154 થી વેચી દેવામાં આવ્યો છે. આ મિલકત મુસ્લિમ સમાજ દ્વારા મદ્રેસા બનાવવા માટે ખરીદવામાં આવી હોવાની જાણ થતાં સમગ્ર હિન્દુ સમાજની લાગણી દુભાઈ છે.

આ અંગે હિન્દુ સંઘર્ષ સમિતિ દ્વારા આવેદનપત્રમાં જણાવાયું છે કે, વડતાલ જેવા પવિત્ર ગામમાં જો મદ્રેસા બનશે તો બહારથી યુવાનો લાવીને ધાર્મિક અશાંતિ ઊભી કરવાના પ્રયાસો થઈ શકે છે. વડતાલમાં અવારનવાર મોટા ધાર્મિક મેળાવડાઓ યોજાય છે, જેમાં વિશ્વભરમાંથી ભક્તો ઉમટી પડે છે. આવા સમયે મદ્રેસા જેવી સંસ્થા અસ્તિત્વમાં આવે તો હિન્દુ ધાર્મિક સ્થાનોને ટાર્ગેટ કરી શકાય છે અને કોમી સંઘર્ષ સર્જાવાની પૂરેપૂરી સંભાવનાઓ રહેલી છે. આ બાબતને ધ્યાનમાં લઈને રાજ્યના મુખ્યમંત્રી, ગૃહમંત્રી અને જિલ્લા પોલીસ વડાને પણ નકલ રવાના કરી છે અને આ મિલકતનું વેચાણ તાત્કાલિક અસરથી રદ કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

### નડિયાદના સિવિલ રોડ પરની જર્જરીત પાણીની ટાંકીનું ઉતારી લેવાઇ





નડિયાદ મહાનગરપાલિકા દ્વારા સિવિલ રોડ પર વર્ષ ૧૯૯૧માં બનેલી ૧૧.૨ લાખ લીટર ક્ષમતા ધરાવતી અત્યંત જર્જરીત પાણીની ટાંકીને સુરક્ષિત રીતે જમીનદોસ્ત કરવામાં આવી છે. મનપાની ટેકનિકલ અને એન્જિનિયરિંગ ટીમના ત્રણ દિવસના સુઆયોજિત પ્લાનિંગ બાદ કોઈ પણ અનિચ્છનીય બનાવ વગર આ કામગીરી નિર્વિઘ્ને પાર પડી હતી. અમૃત યોજના હેઠળ નવી પાણીની ટાંકી પહેલેથી જ કાર્યરત થઈ ચૂકી હોવાથી સ્થાનિક પાણી પુરવઠા પર કોઈ પ્રતિકૂળ અસર પડશે નહીં. બિનઉપયોગી માળખું દૂર થતાં સ્થાનિક રહીશો અને રાહદારીઓ માથેથી અકસ્માતનો મોટો ખતરો ટળ્યો છે અને તંત્ર સહિત લોકોએ રાહતનો શ્વાસ લીધો છે.

## પોલ્ટ્રી ખેડૂતોનું શોષણ થતાં યોગ્ય વળતરની માગ

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૧

ગુજરાત બોઈલર ઈન્ટિગ્રેશન ફાર્મર એસોસિએશન દ્વારા પોલ્ટ્રી કોન્ટ્રાક્ટ ફાર્મિંગ સાથે જોડાયેલા ખેડૂતોના થઈ રહેલા આર્થિક શોષણ અંગે કલેક્ટરને આવેદનપત્ર પાઠવી ઉગ્ર વિરોધ નોંધાવવામાં આવ્યો છે. જો પડતર પ્રશ્નોનો યોગ્ય ઉકેલ નહીં આવે તો આગામી દિવસોમાં ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

ખેડા જિલ્લામાં પોલ્ટ્રી ફાર્મિંગમાં કંપનીઓ દ્વારા માત્ર બચ્ચાં આપવામાં આવે છે, જ્યારે તેમના ઉછેર, ફાર્મ સંચાલન, મજૂરી, વીજળી અને પાણીનો તમામ ખર્ચ ખેડૂતોએ જ ભોગવવો પડે છે. તોતિંગ મોંઘવારી વધી હોવા છતાં કંપનીઓ ખેડૂતોને પ્રતિ કિલોગ્રામ માત્ર 7 થી 8 જેટલું જ નજીવું વળતર ચૂકવી રહી છે.

ભારત સરકારના પશુપાલન વિભાગ દ્વારા 21મી ડિસેમ્બર 2022 અને ગુજરાત સરકાર દ્વારા 24મી ફેબ્રુઆરી 2023 ના રોજ કોન્ટ્રાક્ટ ફાર્મિંગ માટે માર્ગદર્શિકા જાહેર કરાઈ હોવા છતાં કંપનીઓ તેનું પાલન કરતી નથી. પક્ષીઓમાં રોગચાળો ફેલાય કે હવામાન બદલાય ત્યારે સહાય કરવાને બદલે કંપનીઓ ખેડૂતો પર મનસ્વી પેનલ્ટી અને કપાત નો આર્થિક બોજ લાદે છે.

આથી, જીસી ફાર્મરો માટે ઓછામાં ઓછું 12 અને ઈસી ફાર્મરો માટે 15 પ્રતિ કિલોગ્રામ સુધીનું વળતર ચૂકવવામાં આવે. નુકસાનીના કિસ્સામાં પણ અનુક્રમે 7 અને 10 નું ન્યૂનતમ સુરક્ષિત વળતર સુનિશ્ચિત થાય તેવી માગણી કરવામાં આવી છે.

**કુદરતનો કોપ** | આકાશી આફત અને વાવાઝોડા જેવા પવને ૬૦ થી ૭૦ વીઘાનો પાક જમીનદોસ્ત કર્યો

# કપડવંજના શિહોરામાં પપૈયાના પાકનો કચ્ચરઘાણ નીકળતા હાલાકી

**ખેતરોમાં** પાણી ભરાતાં અને ફળો ખરી પડતાં ખેડૂતો પર આર્થિક માર



(પ્રતિનિધિ) કપડવંજ તા.૨૧

કપડવંજ તાલુકામાં એક સપ્તાહના વિરામ બાદ મેઘરાજાએ પુનરાગમન કરીને રોદ્ર સ્વરૂપ ધારણ કરતાં શિહોરા ગામના પપૈયા ઉત્પાદક ખેડૂતો પર આકાશી આફત તૂટી પડી છે. વીજળીના કડાકા-ભડાકા અને વાદળોની ભયાનક ગર્જના વચ્ચે ફૂંકાયેલા તોફાની પવન અને વરસાદને કારણે શિહોરા ગામમાં અંદાજે ૬૦ થી ૭૦ વીઘા જમીનમાં તૈયાર થયેલો પપૈયાનો ઊભો પાક જમીનદોસ્ત થઈ ગયો છે. આશરે ૧૨ થી ૧૫ માસ (દોઢ વર્ષ) સુધી રાત-દિવસ એક કરીને પપૈયાનો પાક ઉછેરનારા ખેડૂતોની આખી કમાણી અને મહેનત પર એક જ ઝાટકે પાણી ફરી વળ્યું છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, કપડવંજ તાલુકાના શિહોરા ગામના ખેડૂતો મુખ્યત્વે પપૈયાની ખેતી કરીને પોતાના પરિવારનો જીવન નિર્વાહ ચલાવે છે. આ ગામના ખેડૂતોએ ૧૫૦ વીઘાથી પણ વધુ જમીનમાં પપૈયાનું વાવેતર કર્યું હતું. પરંતુ છેલ્લા એક અઠવાડિયા દરમિયાન પુનરાગમન કરનાર વરસાદે ભારે તોફાની પવન સાથે કહેર મચાવ્યો હતો. શિહોરાના ૬૦ થી ૭૦ વીઘા વિસ્તારમાં પપૈયાનો પાક પવનના જોર સામે ટકી શક્યો નહોતો અને આખો ઊભો પાક જમીન પર નમી પડ્યો હતો.

**કિંમતી ફળો ખરી પડ્યા, ખેતરો જળબંબાકાર**

ભારે વરસાદ અને ફૂંકાયેલા વાવાઝોડા જેવા પવનના લીધે પપૈયાના ઝાડ પરથી ફળો ખેતરોમાં નીચે ખરી પડ્યા હતા અને આખા ખેતરોમાં પાણી ભરાઈ ગયા હતા. આશરે ૧૨ થી ૧૫ મહિના સુધી સતત ખાતર, પાણી અને સંભાળ રાખીને પાક તૈયાર કરનાર ખેડૂતોની આજીવિકા પર આ કુદરતી આપદાએ ગંભીર ફટકો માર્યો છે. ખેતરોમાં પાણી ભરાઈ જવાના કારણે અને પાક પડી જવાથી ખેડૂતોને ભારે આર્થિક નુકસાનીનો સામનો કરવાનો વારો આવ્યો છે.

## ખેડામાં 52 લાખથી વધુનો વિદેશી દારૂ જપ્ત પકડાયો

**બીડજની** સીમમાંથી કન્ટેનરમાંથી કટિંગ ટાણે પોલીસનો દરોડો

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૧

ખેડા ટાઉન પોલીસે બીડજ ગામની સીમમાં સિંચાઈ વિભાગની પડતર જગ્યામાંથી વિદેશી દારૂના તોતિંગ કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. કેનાલ પાસે કન્ટેનરમાંથી ટ્રેક્ટરમાં દારૂનું કટિંગ થઈ રહ્યું હતું ત્યારે જ પોલીસે ત્રાટકીને 52.03 લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

ખેડા ટાઉન પોલીસના પોલીસ ઈન્સ્પેક્ટર વી. બી. દેસાઈ અને પોલીસ સબ ઈન્સ્પેક્ટર એન. જે. પંચાલની ટીમે બાતમીના આધારે બીડજ ગામની સીમમાં દરોડો પાડ્યો હતો. જગદીશ રામાભાઈ ઠાકોરે પોતાના આર્થિક ફાયદા માટે બહારના રાજ્યમાંથી કન્ટેનરમાં પ્લાસ્ટિકના બેરલની આડમાં દારૂનો મોટો જથ્થો મંગાવ્યો હતો. પોલીસે સ્થળ પર દરોડો પાડતા નાસભાગ મચી ગઈ હતી, જેમાં અજીતભાઈ મકવાણા અને મયંક ઠાકોર ઝડપાઈ ગયા હતા. જ્યારે મુખ્ય સૂત્રધાર જગદીશ ઠાકોર, અર્જુન ગોહિલ, ભાવેશ વણકર, ટ્રેક્ટર ડ્રાઈવર દિલીપ વસાવા અને કન્ટેનર ડ્રાઈવર અંધારાનો લાભ લઈ નાસી છૂટ્યા હતા. આ તપાસ દરમિયાન કન્ટેનરમાંથી વિદેશી દારૂની 315 પેટીઓ કિંમત 30.24 લાખ મળી આવી હતી. પોલીસે દારૂ ઉપરાંત 15 લાખનું કન્ટેનર, 5 લાખનું ટ્રેક્ટર-ટ્રોલી, બે બાઈક, 3 મોબાઈલ અને 114 પ્લાસ્ટિકના બેરલ જપ્ત કરી પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### કપડવંજ કોલેજમાં 'ભારતની સંસ્કાર ભાષા: હિન્દી' વિષય પર હિન્દી દિવસની ઉજવણી કરાઇ



**કપડવંજ** | કપડવંજ શહેરની શાહ કે. એસ. આર્ટ્સ એન્ડ વી. એમ. પારેખ કોમર્સ કોલેજ ખાતે હિન્દી દિવસના અવસર પર વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય વક્તા પ્રો. કુંદન લાલ માલીએ હિન્દી ભાષાના ઐતિહાસિક મહત્વ પર પ્રકાશ પાડી તેને ભાવનાત્મક એકતા જોડનારી ભાષા ગણાવી હતી. આ પ્રસંગે કોલેજના આચાર્ય ડો. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ હિન્દી ભાષા પ્રત્યે સન્માન અને જાગૃતિનો સંદેશ આપ્યો હતો. ડો. મુકેશ કુમાર પાંડેયના સંચાલન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં અધ્યાપકો સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### કપડવંજ કેળવણી મંડળ દ્વારા ૯ કર્મચારીનો વિદાય અને સન્માન સમારંભ યોજાયો



**કપડવંજ** | કપડવંજ કેળવણી મંડળ સંચાલિત સંસ્થાઓમાંથી નિવૃત્ત થયેલા ૯ કર્મયોગીઓની સેવાઓ અને યોગદાનને બિરદાવવા વિદાય સમારંભ યોજાયો હતો. આ પ્રસંગે કે.કે.એમ.ના મંત્રીઓ અનંત શાહ તથા ગોપાલ શાહની ઉપસ્થિતિમાં તમામ કર્મચારીઓને સન્માનપત્ર અને મેમેન્ટો આપી સન્માનિત કરાયા હતા. અનંત શાહના માર્ગદર્શન હેઠળ કે.કે.એમ.ના કર્મચારી ફાલ્ગુની સુથાર દ્વારા સમગ્ર કાર્યક્રમનું સુચારૂ આયોજન કરવામાં આવ્યું હતું. આ વિદાય સમારંભનું સંચાલન સી.એન. વિદ્યાલયના આચાર્ય તથા સ્ટાફ દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

**ગતિવિધિ**

**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### કપડવંજમાં અમથા પારેખની ખડકી પાસે શિવનેરી ગણેશ મહોત્સવનો ધામધૂમથી પ્રારંભ



**કપડવંજ** | કપડવંજ શહેર તથા તાલુકામાં ગણેશ ચતુર્થીના દિવસે ડીજે અને ઢોલના તાલે ધામધૂમથી ગણપતિજીની સ્થાપના કરવામાં આવી હતી. અમથા પારેખની ખડકી પાસે શિવનેરી ગણેશ મંડળ દ્વારા શ્રીજીની વિધિવત સ્થાપના કરીને ગણેશોત્સવનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ મહોત્સવ દરમિયાન દરરોજ સવાર-સાંજની આરતી તથા રાત્રે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. શહેરમાં વિવિધ સ્થળોએ ગણપતિની સ્થાપના થતાં સમગ્ર કપડવંજ ભક્તિમય બની ગયું હતું.

### મોટી સત્તાવીસ પાટીદાર સિનિયર સિટીઝન ફોરમ દ્વારા સ્વ. બા.ગી.પટેલ શૈક્ષણિક પુરસ્કાર સમારોહ યોજાયો



**આણંદ** | આણંદ ખાતે ચરોતર મોટી સત્તાવીસ પાટીદાર સિનિયર સિટીઝન ફોરમ દ્વારા પ્રમુખ ચીમનભાઈ એ. પટેલના અધ્યક્ષ સ્થાને 'સ્વ. બા.ગી. પટેલ શૈક્ષણિક પુરસ્કાર' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્ય મહેમાન ડો. ફકીરભાઈ જી. પટેલ તથા માતૃ સંસ્થાના પ્રમુખ કિરણભાઈ પટેલ સહિત અનેક મહાનુભાવો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ સમારોહમાં મહાનુભાવો અને દાતાઓના હસ્તે ફોરમના સભ્યોના તેજસ્વી પૌત્ર-પૌત્રીઓ તથા દૌહિત્ર-દૌહિત્રીઓને શૈક્ષણિક પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. જ્યારે મંત્રી ભાનુભાઈ પટેલે સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન કરી આભાર વ્યક્ત કર્યો હતો.

### નડિયાદ શહેરની શારદા મંદિરમાં એઆઈ લેબનો પ્રારંભ કરવામાં આવ્યો



**નડિયાદ** | શહેરના શારદા મંદિર ખાતે વિદ્યાર્થીઓને આધુનિક ટેકનોલોજીથી સજ્જ કરવાના ઉદ્દેશ્ય સાથે એઆઈ લેબનું ભવ્ય ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. આ નૂતન એઆઈ લેબ દ્વારા વિદ્યાર્થીઓને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને કોમ્પ્યુટર સાયન્સના ક્ષેત્રમાં વ્યવહારુ (પ્રેક્ટિકલ) જ્ઞાન પ્રાપ્ત થશે. આ પ્રસંગે પ્રાસંગિક ઉદબોધન દેવાંગભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. જ્યારે આશીર્વાદરૂપ વક્તવ્યમાં સંતરામ મંદિર ઉમરેઠના મહંત નિર્ગુણદાસજી મહારાજ તથા સંતભગવંત સાહેબજી મહારાજ દ્વારા વિદ્યાર્થીઓને આધુનિક શિક્ષણ સાથે સંસ્કાર અને સર્જનાત્મકતાના સમન્વય અંગે પ્રેરણાદાયી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

### આણંદમાં સાઈબાબા જનસેવા ટ્રસ્ટ દ્વારા વડાપ્રધાનના જન્મદિને મહાઆરતીનું આયોજન



**આણંદ** | પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીજીના ૭૬મા જન્મદિવસ નિમિત્તે આણંદ ખાતે વિશેષ ધાર્મિક કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે શ્રી સાઈબાબા જનસેવા ટ્રસ્ટ, આણંદ દ્વારા પ્રધાનમંત્રીજીના દીર્ઘાયુ, સ્વસ્થ અને યશસ્વી જીવન માટે સુકામનાઓ વ્યક્ત કરવામાં આવી હતી. આ નિમિત્તે સંસ્થા ખાતે ભક્તજનો દ્વારા શ્રદ્ધાપૂર્વક આશીર્વાદના દીવડા પ્રગટાવવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં તમામ ભક્તજનોએ એકત્રિત થઈને સમૂહમાં મહાઆરતી કરી વડાપ્રધાનશ્રીના ઉત્તમ સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરી હતી.

### મહિસાગરના બાકોર પોલીસ સ્ટેશન ખાતે ગણેશ મહોત્સવની ભવ્ય ઉજવણી સંપન્ન




**લુણાવાડા** | બાકોર પોલીસ સ્ટેશન ખાતે શ્રદ્ધા અને ઉલ્લાસપૂર્વક આયોજિત ગણેશ મહોત્સવની ભાવપૂર્ણ વાતાવરણમાં પૂર્ણાહુતિ થઈ હતી. વિદાય આરતી અને પૂજા-અર્ચના બાદ ઢોલ-નગારાના તાલે તેમજ ગણપતિ બાપ્પા મોરિયાના ગગનભેદી જયઘોષ સાથે ભવ્ય શોભાયાત્રા યોજાઈ હતી. આ પ્રસંગે બાકોર પોલીસ સ્ટેશનના પી.આઈ., સ્ટાફ, તેમના પરિવારજનો અને સ્થાનિક ગ્રામજનો મોટી સંખ્યામાં વિસર્જનમાં જોડાયા હતા. પોલીસ પરિવાર અને ગ્રામજનો વચ્ચેના સોહાર્દપૂર્ણ વાતાવરણ વચ્ચે ગણેશ વિસર્જનનો કાર્યક્રમ શાંતિપૂર્ણ રીતે સંપન્ન થયો હતો.

### મહિસાગર ખાતે જિલ્લા કક્ષાના 'નેશનલ સાયન્સ સેમિનાર-૨૦૨૬'નું આયોજન



**લુણાવાડા** | ગુજકોસ્ટ દ્વારા 'નેશનલ સાયન્સ સેમિનાર-૨૦૨૬' ની જિલ્લા કક્ષાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. મહિસાગર જિલ્લામાં આ સ્પર્ધા જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા નિરજા એજ્યુકેશન કેમ્પસ ખાતે યોજવામાં આવી હતી. આ વર્ષના સેમિનારનો મુખ્ય વિષય "ભારતીય ઊર્જા બાસ્કેટ 2047: સંભાવનાઓ અને પડકારો" રાખવામાં આવ્યો હતો. આ આયોજન NCSMની માર્ગદર્શિકા મુજબ લોક વિજ્ઞાન કેન્દ્રોના સંકલન અને સહયોગથી સંપન્ન થયું હતું.

### ચારુસેટના એનસીસી કેડેટ શ્રેય શાહે 'ઓલ ઈન્ડિયા થલ સૈનિક કેમ્પ'માં પ્રતિનિધિત્વ કર્યું



**આણંદ** | ચારુસેટ યુનિવર્સિટીના એનસીસી કેડેટ શ્રેય શાહે નવી દિલ્હી ખાતે આયોજિત રાષ્ટ્રીય કક્ષાના 'ઓલ ઈન્ડિયા થલ સૈનિક કેમ્પ' માં સફળતાપૂર્વક ભાગ લીધો છે. આ પ્રતિષ્ઠિત કેમ્પમાં શ્રેય શાહે પોતાની ઉત્કૃષ્ટ શિસ્ત અને કૌશલ્યના બળે ગુજરાત ડાયરેક્ટોરેટનું ગૌરવપૂર્વક પ્રતિનિધિત્વ કર્યું હતું. દેશભરમાંથી પસંદગી પામેલા શ્રેષ્ઠ કેડેટ્સ વચ્ચે નવી દિલ્હીમાં યોજાયેલી વિવિધ સૈન્ય સ્પર્ધાઓ અને પ્રવૃત્તિઓમાં તેમણે ભાગ લીધો હતો. રાષ્ટ્રીય સ્તરે ગુજરાત અને સંસ્થાનું નામ રોશન કરવા બદલ ચારુસેટ પરિવાર તરફથી શ્રેય શાહને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

### ભાઈકાકા યુનિવર્સિટીના કોમ્યુનિટી મેડિસિન વિભાગની રજત જયંતિ ઉજવણી યોજાઈ



**આણંદ** | ભાઈકાકા યુનિવર્સિટીના કોમ્યુનિટી મેડિસિન વિભાગના વડા ડો. મનીષા ગોહેલે વિભાગની 25 વર્ષની શૈક્ષણિક, સંશોધન અને જાહેર આરોગ્ય ક્ષેત્રની સફર રજૂ કરી હતી. આ પ્રસંગે રજત જયંતિ સ્મરણિકા રજૂ કરવામાં આવી હતી તથા "25 વર્ષ, વન ફ્રેમ" શીર્ષક હેઠળ ચિત્રોની ગોઠવણી પ્રદર્શિત કરાઈ હતી. ડો.દીપક શર્માએ પબ્લિક હેલ્થ સેન્ટરની પ્રવૃત્તિઓ રજૂ કરી હતી તેમજ જાહેર આરોગ્ય અને કારકિર્દીની તકો અંગે પેનલ ડિસ્કશન અને સિમ્પોઝિયમ યોજાયા હતા. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી સભ્યોએ જૂની યાદો તાજી કરી હતી તથા વેલેડિક્ટરી સેશનમાં આયોજન સમિતિના સભ્યોનું સન્માન કરવામાં આવ્યું હતું.

### વિદ્યાનગર સ્થિત બીવીએમ કોલેજના રક્તદાન કેમ્પમાં વિદ્યાર્થીઓએ ૧૦૨ યુનિટ રક્ત દાન કર્યું



**આણંદ** | ચરોતર વિદ્યામંડળ સંચાલિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય (BVM) ના NSS યુનિટ અને ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી (આણંદ) ના સંયુક્ત ઉપક્રમે રક્તદાન કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં બીવીએમ કોલેજના વિદ્યાર્થીઓએ ઉમદા સામાજિક જવાબદારી નિભાવીને કુલ ૧૦૨ બ્લડ યુનિટ્સનું દાન કર્યું હતું. આ પ્રસંગે પ્રિન્સિપાલ ડો. વિનય જે. પટેલ સહિત બીવીએમ સેન્ટ્રલ કમિટી અને રેડક્રોસ સોસાયટીના મહાનુભાવોએ ઉપસ્થિત રહી રક્તદાતાઓનો ઉત્સાહ વધાર્યો હતો. વિદ્યાર્થીઓમાં જાગૃતિ માટે NSS યુનિટ દ્વારા શોર્ટ ફિલ્મ પણ તૈયાર કરવામાં આવી હતી, જે બદલ CVM ના અધ્યક્ષ એન્જિનિયર ભીખુભાઈ પટેલ અને હોદ્દેદારોએ અભિનંદન પાઠવ્યા હતા.